ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત
# સાબરકાંઠા - અરવલ્લી



### તબીબ અને સાયન્સ જગત માટે ચેલેન્જ રૂપ કિસ્સો

# ગુજરાત, મહારાષ્ટ્રના નામાંકિત તબીબોએ હાથ અદ્ધર કરી દીધા

### તલોદમાં ફાઇબ્રોમેટાસીસ બિમારીથી પિડીત બાળકનો તબીબો પાસે કોઇ ઇલાજ નથી

બાયડ તા.૨૪

કહેવાય છે કે તબીબો ભગવાન નું બીજું સ્વરૂપ કહેવાય છે ૨૧ મી સદી આધુનિક અને ટેકનોલોજી નો યુગ છે છતાંય મહદઅંશે જોવા મળતાં કિસ્સા તબિબ જગત અને સાયન્સ માટે ચેલેન્જ રૂપ પુરવાર થતાં હોય છે.આવો જ એક કેસ સાબરકાંઠા જિલ્લાના તલોદમાં ૧૩ વર્ષિય બાળક છેલ્લા બે વર્ષથી ફાઈબ્રોમેટાસીસ નામની બિમારીથી પિડીત બાળકના આ પરિવારે તેના ઈલાજ માટે ગુજરાત, મહારાષ્ટ્રના અનેક નામાંકિત તબિબો ની સલાહ,અનેક પ્રકારના રીપોર્ટ અને રીસર્ચ કરવા છતાં ગુજરાત અને મહારાષ્ટ્ર ના તબિબો કોઈ ઉપાય શોધી નહીં શકતા આખરે તબિબો,અને સાયન્સ જગત માટે એક મોટો પડકાર ઉભો થયો છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મુળ ખેરોલ ગામના અને હાલ તલોદ શહેરમાં રહેતા મયુર પ્રવિણભાઈ રાવલ નો પુત્ર ચાહીલ રાવલ ઉ.વર્ષ ૧૩ છે છેલ્લા બે વર્ષથી ફાઈબ્રોમેટોસીસ નામની બિમારીથી પિડાઈ રહ્યો છે.આ બિમારી માં આ બાળકને ડાબા પગના સાથળના ભાગે ગાંઠ થતાં તેના નિંદાન માટે આ પરિવાર કમર કસતા શરૂઆતમાં બ્લડ ટેસ્ટ, એક્સ રે, સોનોગ્રાફી, એમ.આર.આઈ. બાયોપ્સી વગેરે રીપોર્ટ બાદ તેનું તબિબો ની સલાહ પ્રમાણે લાખ્ખો રૂપિયા ખર્ચીને ઓપરેશન કરાવ્યું હતું એક ઉમ્મીદ જાગી હતી કે હવે નોર્મલ થઈ જશે.પરંતુ સમય જતાં આ ગાંઠ પુનઃ ડેવલોપ થતાં પરિવાર ઉપર ફરી આફતના વાદળો ઘેરાયા આને નિષ્ણાત તબિબો,અને તજજ્ઞોની સલાહ પ્રમાણે છેલ્લા બે વર્ષથી અનેક રીપોર્ટ,રીસર્ચ આને લાખ્ખો રૂપિયાનો ધુમાડો કરવા છતાં તબિબો ફાઈબ્રોમેટાસીસના લક્ષણો ધરાવતી ગાંઠ થવા પાછળ કોઈ નક્કર સંશોધન કે ઈલાજ શોધી નહીં શકતાં આખરે ગુજરાત, મહારાષ્ટ્રના તમામ નિષ્ણાત તબિબો હાથ ઉંચા કરી દેતા પરિવાર બાળકની બિમારી ને લઈને ચિંતિત બન્યો છે.

આ બાળકના સફળ ઈલાજ માટે પરિવાર દિવસ રાત તમામ પ્રકારના અર્થાગ પ્રયત્નો છતાં લેખે નહીં લાગતાં આખરે આ ફાઈબ્રોમેટાસીસ થી પિડીત બાળકનો ઈલાજ તબિબ અને સાયન્સ જગત માટે એક ચેલેન્જ તરીકે ઉપસી આવ્યો છે.



## અનેક હોસ્પિટલ ના દ્વાર ખટખટાવ્યા...

તલોદના રહીશ રાવલ પરિવાર નો પુત્ર ની બિમારી ના ઈલાજ માટે અમદાવાદ સેલ્બી હોસ્પિટલ ,ના હેમટો ઓક્રોલોજીસ્ટ ,ટાટા સ્મારક હોસ્પિટલ-મુબઈ સહિત અમદાવાદ ના ઓર્થોપેડીક ઓક્રોલોજીસ્ટ સ્પેશ્યાલિસ્ટ , સહિતના હોસ્પિટલ ના દ્વાર ખટખટાવ્યા છે અનેક નિષ્ણાત તબિબોની સલાહ, આયુર્વેદ અને ઈલાજ કરવા છતાં કોઈ યોગ્ય ઉપાય નહીં મળતા આખરે આ સમગ્ર કેસ તબિબ,સાયન્સ જગત માટે ચેલેન્જ રૂપ પુરવાર થયો છે.



# અરવલ્લી : ૨૧ ઘરફોડ ચોરી કરનાર દેવીપૂજક ગેંગને એલસીબીએ દબોચી

### ચોરીનો માલ ખરીદનાર સોની અને વેપારીની અટકાયત

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં ઘરફોડ ચોરી અને તસ્કર ટોળકી સક્રીય થતા સતત ચોરીના બનાવો બની રહ્યા છે મોડાસા શહેરમાં બંધ મકાન સલામત રહેતું ન હોવાની બૂમો ઉઠી છે અરવલ્લી એલસીબી પોલીસે જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૨૧ ઘરફોડ ચોરીની ઘટનામાં સંડોવાયેલી દેવીપૂજક ગેંગના ૬ ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ ૧.૮૧ લાખથી વધુનો ચોરીનો મુદ્દામાલ રિકવર કર્યો હતો દેવીપૂજક ગેંગનો ચોરીનો મુદ્દામાલ ખરીદનાર કપડવંજના જગદીશ હસમુખલાલ સોની અને સિકંદર ઉર્ફે બાદશાહ સફીભાઈ કારીગરની અટકયાત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી દેવીપૂજક ગેંગ દિવસે બંધ મકાન કે ચોરીના સ્થળે દિવસે રેકી કરી રાત્રે બંધ મકાનના દરવાજાના તાળા અને નકુચા તોડી ચોરીની ઘટનાને ગણતરીના કલાકોમાં અંજામ આપી રફુચક્કર થઈ જતી હતી.



અરવલ્લી એલસીબી પીઆઈ સી.પી.વાઘેલા અને તેમની ટીમે જીલ્લામાં બે વર્ષમાં ઘરફોડ ચોરી કરી તળખળાટ મચાવનાર દેવીપૂજક ગેંગના મહીસાગર,ખેડા અને ગાંધીનગર જીલ્લાના ૬ ઘરફોડ ચોરને ઝડપી પાડી જીલ્લામાં ૨૧ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા એલસીબી પોલીસે ઘરફોડ ચોર ગેંગ પાસેથી તેલના ડબ્બા,તેલના પાઉચ, ઘીના પાઉચ, કાજુ-બદામ, મગદાળ, જીરૂ સહીતનો મોટો જથ્થો કબ્જે લીધો હતો જીલ્લામાં ચોરીની ઘટનાને અંજામ આપી સોના-ચાંદીના દાગીના અને કરિયાણાનો માલસામાન કપડવંજના સોની અને વેપારીને વેચી દેતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવતા પોલીસે કપડવંજના સોની અને વેપારીને ઝડપી લીધા છે.



**દેવીપૂજક ગેંગના આરોપીઓના નામ વાંચો**

૧) બકા ચીમનભાઈ દેવીપૂજક (રહે. આંતરસુંબા, ઓડવાસ ફળિયું,તા.કપડવંજ) (૨)વનરાજ રાવજીભાઈ દેવીપૂજક (રહે. લાડવેલ, સરકારી દવાખાના પાસે, તા.લુણાવાડા જિ.મહિસાગર) (૩)દશરથ નારાયણ દેવીપૂજક (રહે. આંતરસુંબા, ઈન્દીરા નગરી, તા.કપડવંજ) (૪)ટીના ચીમનભાઈ દેવીપૂજક (રહે. આંતરસુંબા, ઓડવાળુ ફળિયું, તા.કપડવંજ) (૫)શૈલેશ નારણભાઈ દેવીપૂજક (રહે. આંતરસુંબા, ઈનદીરાનગરી, તા. કપડવંજ) (૬)ગણપત જવાનસિંહ સોલંકી (રહે. વાઘાવત, રૂપજી ફળિયું, તા. કપડવંજ)ને ઝડપી લીધા હતા.



### મેઘરજમાં બેલ્યા ખાતે ૧૬૮૭ અરજીઓનો નિકાલ કરાયો

રાજ્ય સરકાર દ્વારા ૨૨ ઓક્ટોબર થી ૫ જાન્યુઆરી સુધી સેવાસેતુ કાર્યક્રમ યોજવાનું નક્કી કરાયું છે. જેની સમગ્ર રાજ્યમાં તાલુકા કક્ષાએથી ૨૨ ઓક્ટોબરના રોજથી સાતમા તબક્કાના પ્રથમ ચરણનો પ્રારંભ કરાયો હતો. જે અંતર્ગત બીજા દિવસે અરવલ્લી જીલ્લાના મોડાસા મહાલક્ષ્મી ટાઉનહોલ ખાતે તથા મેઘરજના બેલ્યા ગામ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો. જેમાં અરવલ્લી મોડાસા નગરપાલિકાની ૨૦૨૧ તથા મેઘરજના બેલ્યા ગામ ખાતે ૧૬૮૭ અરજીઓનો હકારાત્મક નિકાલ કરાયો. આ કાર્યક્રમમાં સરકારની અનેકવિધ યોજનાઓનો લાભ અપાયો.

### ૫ વર્ષમાં ૮ બાઈકચાલકના મોત

# બાયડનો મુખ્ય માર્ગ બાઈકચાલકો માટે જીવલેણ બન્યો

### નિષ્ઠુર તંત્ર અસમતોલ રોડના સમારકામમાં ઊણું ઉતર્યુ : જવાબદાર એજન્સી-અધિકારીઓ સામે માનવ સદોષ વધનો ગુનો નોંધવાની માંગ

બાયડ, તા. ૨૪

બાયડ-મોડાસા-કપડવંજ હાઈવે હવે જિલ્લાનો સૌથી ડેન્ઝરસ માર્ગ બન્યો છે. બાયડ પોલીસ સ્ટેશનથી વાત્રક રોડ કેનાલ સુધીના અઢી કીમી માર્ગ પાછલા દોઢ વર્ષથી અસમતોલ બની જતા દરરોજ અકસ્માત સર્જાય છે. છતાં નિષ્ઠુર તંત્ર માર્ગની મરામત કરવાના બદલે મોતનો તમાશા જોઈ રહ્યુ છે. જવાબદાર એજન્સી તથા વિભાગના અધિકારીઓ સામે માનવ સદોષ વધનો ગુનો નોંધવાની માંગ થઈ છે.

મળેલી વિગતો અનુસાર નડીયાડ આર.એન્ડબી. ડિવીઝન તાબાના મોડાસા-ધનસુરા-બાયડ-કપડવંજ માર્ગના સમારકામ માટે પાછલા ૫ વર્ષથી અખાડા થઈ રહ્યા છે. એ તો ઠીક પણ જવાબદાર ઈજનેરો જિલ્લા સંકલનની મીટીંગમાં પણ આવતા નથી જાણે કલેક્ટર સહીતના ઉચ્ચ અધિકારીઓને તેમને કોઈનો ડર ન હોય તેવું ચિત્ર ઉપસ્યુ છે. જ્યારે બાયડના વાત્રક રોડ ઉપર કેનાલથી બાયડ પોલીસ સ્ટેશન સુધીના અસમતોલ રોડ ઉપર છેલ્લા ૫ વર્ષમાં ૮ બાઈકચાલકોના અકસ્માતથી મોત નિપજ્યા છે. છતાં યોગ્ય સ્પીડબ્રેકરનો અભાવ તો છે પરંતુ અસમતોલ રસ્તાનું સમારકામ પણ કરાતુ નથી.

જ્યારે પ્રજાએ પણ ભંગાર રોડને નસીબમાં વણી લેતાં વારંવાર નિર્દોષ જિંદગીઓ મોતને ભેટતી હોવા છતાં તંત્ર સામે મોરચમો માંડવાની ૩ તાલુકામાંથી કોઈનીય હિંમત ન હોય તેવી સ્થિતિ છે. અકસ્માત સર્જાય, આશાસ્પદનું મોત નિપજે અને એકાદ દિવસ આક્રોશ જોવ મળે પછી બીજા દિવસે આ બધુ બુલાઈ જાય છે. ત્યારે હવે જાગૃત નાગરીક વાહનચાલકોની જીંદગી સાથે ખેલતા અધિકારીઓ-એજન્સીની શાન ઠેકાણે લાવવા તેમની સામે માનવ સદોશ વધનો ગુનો દાખલ કરવાનો સમય પાકી ગયો છે.

### ખાદીના વેચાણમાં બમ્પરનો ઉછાળો

# ઉત્તર ગુજરાતના ૪૨ હજાર શિક્ષકો આજે ખાદીનાં કપડાં પહેરી શાળામાં આવશે

### સેલ્ફી પાડી મોકલવા આદેશ, મોબાઈલ ઉપરના પ્રતિબંધનો છેદ ઉડ્યો

હિંમતનગર, તા. ૨૪

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તમામ પ્રા. શિક્ષકો અને હાઈસ્કૂલના શિક્ષકોને ખાદી ખરીદવા તેમજ તા. ૨૫ ઓક્ટોબરના રોજ ખાદીના વસ્ત્રો પહેરી શાળામાં આવવાની સૂચના મળતાં ગુરૂજનો મોટાભાગે શનિ-રવિ ખાદીની દુકાનોમાં જોવા મળ્યા. સરકાર-શિક્ષણ વિભાગના આદેશનું પાલન થાય તો માત્ર ઉત્તર ગુજરાતમાં જ રૂ. ૧ કરોડથી વધુની કિંમતનું ખાદીનું કપડું વેચાશે. આદેશના પગલે આજે સોમવારે ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૪૨ હજાર શિક્ષકો ખાદીના વસ્ત્રોમાં સજ્જ જોવા મળશે. ખાદીના વસ્ત્રો પહેરી સ્ટાફને સામૂહીક ગૃપ ફોટો મોકલવા પણ અંદરખાને સૂચના આપવામાં આવી છે.

ગાંધીજીના ગુજરાતમાં ખાદી બહુ પ્રચલિત છે. છતાં ખાદીનું વેચાણ વધારવા રાજ્ય સરકાર-ખાદી બોર્ડ દ્વારા મોટુ ડિસ્કાઉન્ટ આપવા છતાં ધારીએ તેટલુ વેચાણ થતુ નથી. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રા. શાળા, મા. અને ઉ.મા. શાળાના શિક્ષકોને તા. ૨૫ ઓક્ટોબરના રોજ ખાદીના વસ્ત્રો પહેરવા અપીલ કરાઈ અને કેટલાક શિક્ષકોને આ ગમ્યુ કે ના ગમ્યું તેમાં પડવા કરતાં ફરી એકવાર સરકારે ખાદીના વેચાણ વધારવા શિક્ષકોની પસંદગી કરી તેજ મહત્વની બાબત છે. સૌથી મોટા કર્મચારીઓના સમુહે લગભગ તે વાત સ્વીકારી અને આજે રાજ્ય તેમજ ઉત્તર ગુજરાતના શિક્ષકો ખાદીના વસ્ત્રોમાં સજ્જ થઈ શૈક્ષણિક સંકુલમાં જોવા મળશે. ટુંકમાં ઉત્તર ગુજરાતના શૈક્ષણિક સંકુલોના તમામ કર્મચારીઓ ખાદીના વસ્ત્રો પહેરશે તો આ બાબત ૧૦૦ કરોડ વેક્સીનના ડોઝ જેટલી જ યાદગાર પળ બની શકે છે.

### ગુજરાતના કેટલાક ભાગોમાં હળવું માવઠું થવાની શક્યતા

અમદાવાદ, તા.૨૪

વિધિવત ઠંડીનો પ્રારંભ થઈ ગયો છે. હવે વાતાવરણમાં ઠંડી અનુભવવા લાગી છે. જોકે, હજી સુધી ગુજરાતમાંથી ચોમાસું ગયુ નથી. ઠંડી વચ્ચે માવઠાની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી કે, આજથી બેસતા વર્ષની શરૂઆત સુધીમાં અને તે પછી ગુજરાતના કેટલાક ભાગોમાં હળવું માવઠું થવાની સંભાવના છે.

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરી કે, અઠવાડિયાના અંતિમ દિવસોથી આગામી ૩ દિવસ સુધી ગુજરાતના કેટલાક ભાગોમાં તાપમાન ઘટશે.

# જિલ્લાનો સરકારીકર્મી ગાંજાની ગોટી માટે છેલ્લા પાટલે બેઠો

### વાત ઉચ્ચ અધિકારી સુધી પહોંચી-પછી બન્નેએ રંગત જમાવી

હિંમતનગર, તા. ૨૪

જિલ્લાનો સરકારી કર્મી ગાંજાની ગોટી માટે છેલ્લા પાટલે બેસતાં શહેરમાં આ મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. વાત ઉચ્ચ અધિકારી સુધી પહોંચી પછી આશ્ચર્ય વચ્ચે તે પણ બંધાણી હોવાનું જણાતાં બન્નેએ રંગત જમાવી અને રંગત જામ્યાનો ફોટો કોઈએ મોબાઈલમાં પાડી લેતાં હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં ચર્ચા વધુ ઉછાળા મારી રહી છે.

પાપનો પૈસો ઘણી બધી ખરાબ બાબતો પણ લઈ આવે છે. જિલ્લાના શહેરી મથકના સરકારી કર્મી પહેલા ચેઈન સ્મોકર બન્યા બાદમાં અવારનવાર દૂર જવાનું થતાં ગાંજાની ગોટીના રવાડે ચઢ્યા... રવિવારે લત લાગે એટલે ઓફિસ બંધ હોય તો પણ ઘરેથી ઓફિસ જાઉ છુ તેમ કહી નિકળી પડે... સમય જતાં સ્ટાફ... પછી મિત્રવર્તુળ અને હવે ચા ની કીટલી, નાસ્તાગૃહ સુધી બધાને ખબર પડી કે સાહેબને લત પડી છે છેલ્લે છેલ્લે તો લત એટલી હદે હાવી થઈ કે તેઓ કોના ઘરે જઈને ગાંજાની ગોટી લાવે છે... આવી બધી બાબતો લાંબા સમય છૂપી રહેતી નથી... પછી તેમના ઉચ્ચ અધિકારી સુધી વાત પહોંચી... ઉચ્ચ અધિકારી પણ આવી જ તકની રાહ જોતા હતા... અને તે સ્ટાફમાંથી મળી આવતાં કહેવાય છે કે ઉચ્ચ અધિકારીને હવે ક્યાંય ભટકવું પડતું નથી... બપોર થાય એટલે હાથ નીચેના કર્મચારીને કહી દેવાનું જા મારા માટે 'બ્લેક ટી' લઈ આવ... અને મહાશય પગમાં ઘૂઘરા બાંધ્યાની જેમ તમામ ફાઈલો પડતી મુકી રવાના થઈ જાય... આજકાલ કોડવર્ડવાળી 'બ્લેક ટી' વધુ ચર્ચામાં છે.

# દિવાળીની સીઝન શરૂ થતાં જ ભેળસેળનો વેપલો પણ શરૂ

દિવાળીના તહેવારોમાં દૂધથી બનેલી વસ્તુઓની માંગ વધે છે. એવામાં અમુક ભેળસેળીયાઓ ભેળસેળવાળુ દૂધ, પનીર, ખોયા અને મીઠાઈ વેચે છે.

ઘણા લોકો દિવાળીમાં પોતાના ઘરે જ મિઠાઈઓ બનાવે છે અથવા તો બહારથી ખરીદે છે. એવામાં જ્યારે પણ તમે ખોયા ખરીદો તો તેની શુદ્ધતાની તપાસ કરો. સૌથી પહેલા થોડા ખોયાને ઉકાળો. તે ઠંડુ થયા બાદ તેમાં આયોડીનના અમુક ટીંપા નાખો. જો ત્યાર બાદ ખોયા જો પોતાનો રંગ બદલી લે તો ખોયા નકલી છે. ખોયા હંમેશા ચિકણું અને મીઠુ હોય છે. માટે ખોયાને ખરીદતી વખતે તમે તેને મસળીને પણ ચેક કરી શકો છો અને તેની મીઠાસથી પણ તપાસ કરી શકો છો.વળી, દિવાળીના તહેવારોમાં સૌથી વધારે ટેન્શન નકલી મીઠાઈઓનું હોય છે. કારણ કે તહેવારની શરૂઆતથી લાડવા, કાજૂ કતરી, બરફી, રસગુલ્લા જેવી મીઠાઈઓની વાત થાય છે. પ્રસાદથી લઈને આવકાર સુધી ફક્ત મીઠાઈઓને જ મહત્વ આપવામાં આવે છે. હકીકતમાં અમુક મીઠાઈઓ સિલ્વર ફોઈલમાં આવે છે. પરંતુ તહેવારોમાં નકલી સિલ્વર ફોઈલમાં મીઠાઈઓને લપેટીને વેચવામાં આવે છે. જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોય છે. ભેળસેળ વાળા પનીરથી પણ બચવું જોઈએ. એવામાં જ્યારે પણ તમે પનીર લો તો તેની ઓળખ કરી લો.

# અરવલ્લી જિલ્લામા મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨, ૧ નવેમ્બરથી ૩૦ નવેમ્બર-૨૦૨૧ સુધી યોજાશે

ભારતના ચુંટણી પંચ દ્વારા મતદારયાદીમાં નામ નોંધણી કરાવવા, નામ કમી કરાવવા તથા મતદારની વિગતમાં સુધારો કરાવવા માટે હકક-દાવાઓ અને વાંધા અરજીઓ સ્વીકારવાનો સમયગાળો તા.૦૧/૧૧/૨૦૨૧ (સોમવાર) થી તા. ૩૦/૧૧/૨૦૨૧ (મંગળવાર) નિયત કરવામાં આવેલ છે, સંકલિત મતદારયાદીના મુસદ્દાની પ્રસિધ્ધી ૦૧/૧૧/૨૧ (સોમવાર)ના રોજ કરવામાં આવનાર છે. જે કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/ મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, પ્રાંત અધિકારી/ મામલદારની કચેરી, ગ્રામ પંચાયત કચેરી તથા મતદાન મથકે લાગુંપડતા ભાગની મતદાર યાદી રાખવામાં આવનાર છે. જયાં મતદાર તેનુ નામ, ફોટો સાથેની વિગતોની રૂબરૂ ચકાસણી કરી શકશે. વધુમાં ચુંટણી પંચની વેબસાઈટ www. nvsp .in, www ceo. guJarajt. Gov.in ŒÚkk www. Voterportal. Eci. Gov. in પર પણ મતદાર તેના નામની ચકાસણી કરી શકશે. આ ઉપરાંત ચુંટણી પંચની મોબાઈલ એપ્લીકેશન/ "voter Helpilne" ડાઉલોડ કરી તેમાં મતદાર તેની વિગતની ચકાસણી કરી શકશે. તા.૦૧/૧૧/૨૦૨૧ના રોજથી શરૂ થનાર મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાના કાર્યકમ અનવ્યે તા. ૧૪/૧૧/૨૦૨૧ (રવિવાર) તા. ૨૧/૧૧/૨૦૨૧ (રવિવાર), તા.૨૭/૧૧/૨૦૧૧ (શનિવાર) અને તા.૨૮/૧૧/૨૦૨૧ (રવિવાર)ના દિવસોને ખાસ ઝુંબેશના દિવસો તરીકે નકકી કરવામાં આવેલ છે. મતદાર યાદીમાં તા. ૦૧/૦૧/૨૦૨૨ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકનુ નામ નોંધાવવા માટે નમુનો-૬, નમુનો-૭, મતદાર યાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમુનો-૮ અને એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદલી કરવા માટે નમૂનો- ૮કમાં રજુ કરવાનુ રહેશે.

કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી/ મદદનીશ મતદારનોંધણી અધિકારીની કચેરી, પ્રાંત/ મામલદારની કચેરી તેમજ બુથ લેવલ ઓફીસર પાસેથી વિના મૂલ્યે મેળવી શકશે તેમજ આ આ નમૂનો ભરીને જરૂરી પુરાવા સાથે ત્યાં જ આપી શકશે. ઉપરાંત ચુંટણી પંચની વેબ સાઈટ www.nvsp.in, www.ceo. GuJarat. Gov.in ŒÚkk www. Voterportal. eci. Gov. in પર ઓનલાઈન અરજી પણ કરી શકશે.

ખાસ ઝુંબેશના દિવસોએ સવારના-૧૦ કલાકથી સાંજે ૫ દરમિયાન મતદાન મથક ખાતે પરત આપી શકાશે. અરવલ્લી જિલ્લાની તમામ જનતાને અપીલ કરવામાં આવે છે ૧૦૦ % ક્ષતિમુકત બનાવવામાં આપનો અમુલ્ય ફાળો આપશો એમ જિલ્લા નાયબ ચુંટણી અધિકારી મોડાસા જિ. અરવલ્લીની એક અખબારીયાદીમાં જણાવવામાં આવ્યું છે.